# —:: વેચાણ દસ્તાવેજ ::—

ડિસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ કુડાસણની સીમના રેવન્યુ બ્લોક નંબર : ૧૮૪ પૈકીની ખાતા નંબર : ૯૩૪ ની કુલ્લે હે.આરે.ચો.મી. ૪–૭૨–૯૩ પૈકી હે.આરે.ચો.મી. ૦–૮૨–૬૬ યાને ૮૨૬૬ ચો.મી. નો ગુડા ધ્વારા ટી.પી. સ્કીમ નંબર : ૬ માં સમાવેશ કરી જેનો ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર : ૧૦૬/૧, ની ૫૩૭૩ ચો.મી. પૈકી ૯૩૧.૦૭ ચો.મી. વાણીજયક હેતુની તથા ૪૪૪૧.૯૩ ચો.મી. રહેણાંક હેતુની એમ કુલ્લે ૫૩૭૩ ચો.મી. બીન ખેતીની જમીન પૈકી વાણિજયક હેતુની ૫૪૪ ચો.મી. જમીન તેમજ બ્લોક નંબર : ૧૨૧/અ ની હે.આરે.ચો.મી. ૦–૧૮–૯૨ યાને ૧૮૯૨ ચો.મી. નો ગુડા ધ્વારા ટી.પી. સ્કીમ નંબર : ૬ માં સમાવેશ કરી જેનો ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર : ૫૪/૧ ની ૧૩૮૦ ચો.મી. વાણીજયક હેતુની જમીન એમ કુલ્લે ૧૯૨૪ વાણીજયક હેતુની જમીન પૈકી ૧૮૧૪ ચો.મી. વાણીજયક હેતુની જમીન ઉપર "રાધે સીગ્નેચર" એ નામની સ્કીમ આયોજન કરેલ છે તે સ્કીમ પૈકીની દુકાન/ઓફીસ નં.......... ની આશરે ....... ચો.મી. બાંધકામ (કાર્પેટ એરીયા) તથા વ.વ....... ચો.મી. હીસ્સાની જમીન સહીતની મીલકતનો વેચાણ દસ્તાવેજ રૂ............./– અંકે રૂપિયા ............. પુરાનો...,

---

<u>લખી આપનાર ::</u>
વેચાણ આપનાર ::

મે. રાધે એસોસીએટસ એ નામની ભાગીદારી
પેઢી વતી અને તરફથી તેના ભાગીદાર
**PAN NO. AAQFR 1378 E**
નિલેષ રમણભાઈ પટેલ
ઉ.વ.આ. પુખ્ત, ધંધો : ખેતી તથા વેપાર,
રહેવાસી : ૫૩૬, સેકટર–૮, ગાંધીનગર.
( જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં " લખી આપનાર", "વેચાણ આપનાર " અથવા "અમો" એ શબ્દથી સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં અમો તથા અમારા વંશ, વાલી, વારસો, એકઝીકયુટરો, સકસેસરો, એટર્નીઓ, એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

<u>લખાવી લેનાર</u>
વેચાણ લેનાર

.........
**PAN NO.** ..........
ઉ.વ.આ. ...., ધંધો : .......
રહેવાસી : ...........
..................

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં

" લખાવી લેનાર", " વેચાણ લેનાર " અથવા " તમો" એ શબ્દથી સંબોધવામાં આવેલ છે જે શબ્દના અર્થમાં તમો તથા તમારા વંશ,વાલી, વારસો, એકઝીકયુટરો, એટર્નીઓ, એડમીનીસ્ટ્રેટરો, સકસેસરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે. )

જત આજરોજ અમો લખી આપનાર તે તમો લખાવી લેનારને આ મીલકતનો વેચાણ દસ્તાવેજ લખી આપીએ છીએ કે....,

ડિસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ કુડાસણની સીમના રેવન્યુ બ્લોક નંબર : ૧૮૪ પૈકીની ખાતા નંબર : ૯૩૪ ની કુલ્લે હે.આરે.ચો.મી. ૪–૭૨–૯૩ પૈકી હે.આરે.ચો.મી. ૦–૮૨–૬૬ યાને ૮૨૬૬ ચો.મી. નો ગુડા ધ્વારા ટી.પી. સ્કીમ નંબર : ૬ માં સમાવેશ કરી જેનો ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર : ૧૦૬/૧ ની ૫૩૭૩ ચો.મી. પૈકી ૯૩૧.૦૭ ચો.મી. વાણીજયક હેતુની તથા ૪૪૪૧.૯૩ ચો.મી. રહેણાંક હેતુની એમ કુલ્લે ૫૩૭૩ ચો.મી. બીન ખેતીની જમીન પૈકી વાણિજયક હેતુની ૫૪૪ ચો.મી. જમીન તેમજ બ્લોક નંબર : ૧૨૧/અ ની હે.આરે.ચો.મી. ૦–૧૮–૯૨ યાને ૧૮૯૨ ચો.મી. નો ગુડા ધ્વારા ટી.પી. સ્કીમ નંબર : ૬ માં સમાવેશ કરી જેનો ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર : ૫૪/૧ ની ૧૩૮૦ ચો.મી. વાણીજયક હેતુની જમીન એમ કુલ્લે ૧૯૨૪ વાણીજયક હેતુની જમીન પૈકી ૧૮૧૪ ચો.મી. વાણીજયક હેતુની જમીન ઉપર "રાધે સીગ્નેચર" એ નામની સ્કીમ આયોજન કરેલ છે તે સ્કીમ પૈકીની દુકાન/ઓફીસ નં........... ની આંશરે ....... ચો.મી. બાંધકામ (કાર્પેટ એરીયા) તથા વ.વ....... ચો.મી. હીસ્સાની જમીન સહીતની મીલકત અમો લખી આપનારની પ્રત્યક્ષ માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલી છે. જે મીલકંતને હવે પછી "સદરહુ મીલકત" એ રીતેના શબ્દોથી સંબોધેલ છે જે મીલકત અમો લખી આપનારે તમો લખાવી લેનારને વેચાણેથી આપવાનું નકકી કરી હાલનો આ વેચાણ દસ્તાવેજ તમો લખાવી લેનારની તરફેણમાં કરી આપેલ છે.

સદરહુ "રાધે સીગ્નેચર" એ નામની સ્કીમનું આયોજન જે મુળ બ્લોક નંબરોની જમીન અને તેના ગુડા ધ્વારા ફાળવેલ ફાઈનલ પ્લોટની જમીન ઉપર કરવામાં આવેલ છે તે જમીન પૈકી બ્લોક નં.૧૮૪ વાળી કુલ મીલકત પ્રથમ રેકર્ડે સર્વે નંબર : ૮૨, ૧૨૨ તથા ૧૨૪ થી નોંધાયેલ હતી ગામે એકત્રીકરણનો તખતો આવતા જેનો બ્લોક નંબર : ૧૮૪ નો બનેલ જે મીલકતના રેકર્ડે માલીક, કબજેદાર તરીકે બાપુભાઈ જેણીદાસનાઓનું નામ ચઢી ચાલતુ આવેલ તેઓ મૈયત જતાં તેઓના સીધીલીટીના વારસોમાં કાભઈદાસ બાપુભાઈ તથા મણીભાઈ

ભોળીદાસનાઓ હોઈ તેઓના નામો સદરહુ મીલકતના રેકર્ડે વારસાઈ હકકે માલીક, કબજેદાર તરીકે દાખલ થયેલ. ત્યારબાદ કાભઈદાસ બાપુભાઈનાઓ મૈયત જતાં તેઓના સીધીલીટીના વારસોમાં હરીભાઈ કાભઈદાસ, હરજીવનભાઈ કાભઈદાસ, કિશોરભાઈ કાભઈદાસ, શાન્તાબેન કાભઈદાસ, હીરાબેન કાભઈદાસ, મધુબેન કાભઈદાસ, કમુબેન કાભઈદાસ તથા પશીબેન તે કાભઈદાસ બાપુભાઈની વિધવાનાઓ હોઈ તેઓના નામો સદરહુ મીલકતના રેકર્ડે વારસાઈ હકકે માલીક, કબજેદાર તરીકે ચઢેલ હતા. ત્યારબાદ તેઓ પૈકી શાન્તાબેન કાભઈદાસ, હીરાબેન કાભઈદાસ, મધુબેન કાભઈદાસ તથા કમુબેન કાભઈદાસનાઓએ સદરહુ મીલકતમાં તેઓનો જે હકક, હીત, હીસ્સો પોષાતો આવેલ તે અન્ય સહકબજેદારોની તરફેણમાં જતો કરતાં તેઓના નામો સદરહુ મીલકતના રેકર્ડેથી કમી થયેલ. ત્યારબાદ સદરહુ મીલકતના સહકબજેદાર મણીભાઈ ભોળાભાઈનાઓએ સદરહુ મીલકતમાં તેઓનો વણવહેંચાયેલ અડધો હીસ્સો પોષાતો આવેલ તે હીસ્સા પૈકી સર્વે નંબર : ૧૨૪ પૈકી અડધા હીસ્સાની એકર ૨–૦૮.૫ ગુંઠાની જમીન એક રજી.વેચાણ દસ્તાવેજ તા. ૨૩–૧૦–૮૧ ના રોજનો કરી આપી શારદાબેન મગનસિંહ વાઘેલા તથા બળદેવસિંહ મગનસિંહ વાઘેલાનાઓને વેચાણેથી આપેલ. ત્યારબાદ મણીભાઈ ભોળાભાઈનાઓ મૈયત જતાં તેઓના સીધીલીટીના વારસોમાં ડાહીબેન તે મણીભાઈ ભોળાભાઈની વિધવાનાઓ માત્ર હોઈ તેઓનું નામ સદરહુ મીલકતના રેકર્ડે માલીક, કબજેદાર તરીકે દાખલ થયેલ. ત્યારબાદ પશીબેન તે કાભઈદાસ બાપુભાઈની વિધવાનાઓ મૈયત જતાં તેઓનું નામ સદરહુ મીલકતના રેકર્ડેથી કમી કરેલ. ત્યારબાદ હરીભાઈ કાભઈદાસનાઓ મૈયત જતાં તેઓના સીધીલીટીના વારસોમાં વિષ્ણુભાઈ હરીભાઈ, લીલાબેન હરીભાઈ, પ્રેમીલાબેન હરીભાઈ તથા કાન્તાબેન તે હરીભાઈ કાભઈદાસની વિધવાનાઓ હોઈ તેઓના નામો સદરહુ મીલકતના રેકર્ડે વારસાઈ હકકે માલીક, કબજેદાર તરીકે દાખલ થયેલ. ત્યારબાદ કિશોરભાઈ કાભઈદાસનાઓ મૈયત જતાં તેઓના સીધીલીટીના વારસોમાં શકરીબેન તે કિશોરભાઈ કાભઈદાસની વિધવા, શર્મીલાબેન કિશોરભાઈ તથા શિવમ કિશોરભાઈનાઓ હોઈ તેઓના નામો સદરહુ મીલકતના રેકર્ડે વારસાઈ હકકે માલીક, કબજેદાર તરીકે ચઢેલ હતા. ત્યારબાદ કાન્તાબેન હરીભાઈનાઓ મૈયત જતાં તેઓનું નામ સદરહુ મીલકતના રેકર્ડેથી કમી કરેલ. ત્યારબાદ હરજીવનભાઈ કાભઈદાસનાઓએ તેઓની હયાતીમાં તેઓના સીધીલીટીના વારસદારો કોકીલાબેન હરજીવનભાઈ, પ્રવિણભાઈ હરજીવનભાઈ, સુરેશભાઈ હરજીવનભાઈ તથા વિનોદભાઈ હરજીવનભાઈનાઓના નામો સદરહુ મીલકતના

રેકર્ડે સહહીસ્સેદાર તરીકે દાખલ કરાવેલ. ત્યારબાદ ડાહીબેન મણીભાઈનાઓ મૈયત જતાં સદરહુ મીલકતના રેકર્ડેથી તેઓનું નામ કમી કરેલ. ત્યારબાદ મણીભાઈ ભોળાભાઈનાઓએ તેઓના હીસ્સાની જે મીલકતનો વેચાણ વ્યવહાર કરેલ તે સિવાયની સદરહુ બ્લોક નંબરની હે.આરે.ચો.મી. ૪–૭૨–૯૩ યાને ૪૭૨૯૩ ચો.મી. જમીનનો ગુડા ધ્વારા ટી.પી. સ્કીમમાં સમાવેશ કરી ફાળવેલ ફાઈનલ પ્લોટ મુજબની જમીનનો તમામ સહકબજેદારો વચ્ચે વહેંચણી કરતાં બ્લોક નંબર : ૧૮૪ પૈકી ૧૪૫૪ ચો.મી.– એફ.પી. નંબર : ૧૦૬/૨ ની ૯૪૫ ચો.મી., બ્લોક નંબર : ૧૮૪ પૈકી ૧૧૪૪૩ ચો.મી.– એફ.પી. નં. ૧૬/૧ ની ૭૪૩૮ ચો.મી. તથા બ્લોક નંબર : ૧૮૪ પૈકી ૨૩૯૦ ચો.મી.–એફ.પી. નં. ૩૭ ની ૧૫૫૫ ચો.મી. જમીન કનુભાઈ હરીભાઈ, વિષ્ણુભાઈ હરીભાઈ, લીલાબેન હરીભાઈ તથા પ્રેમીલાબેન હરીભાઈનાઓના હીસ્સે આવેલ તેમજ બ્લોક નંબર : ૧૮૪ પૈકી ૮૨૬૬ ચો.મી.– એફ.પી. નંબર : ૧૦૬/૧ ની ૫૩૭૩ ચો.મી., બ્લોક નંબર : ૧૮૪ પૈકી ૨૮૦૬ ચો.મી.– એફ.પી. નં. ૧૬/૧ ની ૧૮૨૪ ચો.મી. તથા બ્લોક નંબર : ૧૮૪ પૈકી ૫૧૫૪ ચો.મી.–એફ.પી. નં. ૧૬/૨ ની ૩૩૫૦ ચો.મી. વાળી જમીન હરજીવનભાઈ કાભઈદાસ, કોકીલાબેન હરજીવનભાઈ, પ્રવિણભાઈ હરજીવનભાઈ, સુરેશભાઈ હરજીવનભાઈ તથા વિનોદભાઈ હરજીવનભાઈનાઓના હીસ્સે આવેલ તેમજ બ્લોક નંબર : ૧૮૪ પૈકી ૧૧૯૩૬ ચો.મી.– એફ.પી. નંબર : ૧૬/૧ ની ૭૭૫૮ ચો.મી., બ્લોક નંબર : ૧૮૪ પૈકી ૧૪૫૪ ચો.મી.– એફ.પી. નં. ૧૦૬/૨ ની ૯૪૬ ચો.મી. તથા બ્લોક નંબર : ૧૮૪ પૈકી ૨૩૯૦ ચો.મી.–એફ.પી. નં. ૩૭ ની ૧૫૫૬ ચો.મી. વાળી જમીન શકરીબેન કિશોરભાઈ, શર્મીલાબેન કિશોરભાઈ તથા શીવકુમાર કિશોરભાઈનાઓના હીસ્સે આવેલ જે વહેંચણી સંબધેની રેકર્ડે અસર આવતા હરજીવનભાઈ કાભઈદાસ પટેલ વિગેરે–૫ નાઓના હીસ્સે આવેલ જુદા જુદા ત્રણ ફાઈનલ પ્લોટની જમીન પૈકી બ્લોક નંબર : ૧૮૪ પૈકી ૮૨૬૬ ચો.મી. નો ગુડા ધ્વારા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર : ૧૦૬/૧ ની ૫૩૭૩ ચો.મી. જમીનનો હરજીવનભાઈ કાભઈદાસ પટેલ વિગેરે–૫ નાઓને બીન ખેતી રહેણાંક તેમજ વાણીજયક હેતુ સારુ ઉપયોગ કરવો હોઈ જે સારૂ તેઓએ જીલ્લા કલેકટરશ્રી ગાંધીનગરને એક અરજ કરતાં જીલ્લા કલેકટરશ્રી ગાંધીનગરે તેઓના હુકમ નંબર : સીબી/જમીન/બી.ખે./એસ.આર.૨૨૪/૧૦/વશી/૩૯૯૭ થી ૪૦૧૨ /૨૦૧૧ થી તા. ૯–૩–૨૦૧૧ ના રોજનો એક હુકમ કરી ફાઈનલ પ્લોટ નં.૧૦૬/૧ ની ૫૩૭૩ ચો.મી. જમીનનો રહેણાંક તેમજ વાણીજયક હેતુ સારૂ બીન ખેતી ઉપયોગ કરવા પરવાનગી આપેલ જે બીન ખેતી ઉપયોગ વાળી જમીનમાં હરજીવનભાઈ

કાભઈદાસ પટેલ વિગેરે–૫ નાઓ સિવાય અન્ય કોઈ ઈસમનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો પોષાતો આવેલ ન હોઈ તેમજ સદરહુ ફાઈનલ પ્લોટ નં.૧૦૬/૧ ની ૫૩૭૩ ચો.મી. વાળી મીલકતના તમામ પ્રકારના રાઈટ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોઈ સદરહુ મીલકત હરજીવનભાઈ કાભઈદાસ પટેલ વિગેરે–૫ નાઓનાએ મે. પાર્થ કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો જીકેશભાઈ મંગળદાસ પટેલ વિગેરેનાઓને એક રજી.વે.દ.નં.૮૦૨૯ નો તા.૮–૭–૨૦૧૧ ના રોજનો કરી આપેલ. આમ, જે વેચાણ વ્યવહાર આધીન બ્લોક નં.૧૮૪ પૈકી ખાતા નં.૯૩૪ ની કુલ્લે હે.આરે.ચો.મી. ૪–૭૨–૯૩ યાને ૪૭૨૯૩ ચો.મી. જમીન પૈકી હે.આરે.ચો.મી. ૦–૮૨–૬૬ યાને ૮૨૬૬ ચો.મી. નો ગુડા ધ્વારા ટી.પી.સ્કીમ નં.૬ માં સમાવેશ કરી ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૧૦૬/૧ ની ૫૩૭૩ ચો.મી. જમીન પૈકી ૯૩૧.૦૭ ચો.મી. વાણીજયક હેતુની તથા ૪૪૪૧.૯૩ ચો.મી. રહેણાંક હેતુની જમીનના માલીક કબજેદાર મે. પાર્થ કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢી બનેલ. ત્યારબાદ મે. પાર્થ કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢીએ ખરીદ કરેલ સદરહુ જમીન પૈકી વાણીજયક હેતુની ફાઈનલ પ્લોટની ૯૩૧.૦૭ ચો.મી. વાળી જમીનમાં ગુડા ધ્વારા નવીન રોડનું આયોજન કરતા ફાઈનલ પ્લોટની સદરહુ જમીનના હીસ્સા થતા નવીન ફાઈનલ પ્લોટ નં.૧૦૬/૧/૨ ની ૫૪૪ ચો.મી. નો ફાળવેલ જે વાણીજયક હેતુની બીનખેતીની જમીન મે. પાર્થ કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢીએ અમો લખી આપનારને એક રજી.વે.દ.નં.૭૪૦૫ નો તા.૨૮–૫–૨૦૧૪ ના રોજનો કરી આપી અમો લખી આપનારને અઘાટ વેચાણેથી આપતા સદરહુ બ્લોક નં.૧૮૪ પૈકીની જમીનના અમો લખી આપનાર માલીક કબજેદાર ભોગવટેદાર બનેલ.

તેમજ સદરહુ "રાધે સીગ્નેચર" એ નામની સ્કીમનું આયોજન જે મુળ બ્લોક નંબરોની જમીન અને તેના ગુડા ધ્વારા ફાળવેલ ફાઈનલ પ્લોટની જમીન ઉપર કરવામાં આવેલ છે તે જમીન પૈકી બ્લોક નં.૧૨૧/અ વાળી કુલ મીલકત પ્રથમ રેકર્ડે સર્વે નંબર : ૧૧૨ થી નોંધાયેલ હતી જેના રેકર્ડે માલીક કબજેદાર તરીકે ગાભાભાઈ મુળાભાઈનાઓનું નામ ચઢી ચાલતુ આવેલ. ત્યારબાદ ગાભાભાઈ મુળાભાઈનાઓ મૈયત જતા તેઓના સીધીલીટીના વારસોમાં રામાભાઈ ગાભાભાઈ, નરસિંહભાઈ ગાભાભાઈ, રેવીબેન ગાભાભાઈ, જેઠીબેન ગાભાભાઈ, પુરીબેન ગાભાભાઈ, ચંચીબેન ગાભાભાઈ, ધનીબેન ગાભાભાઈ, મોતીબેન ગાભાભાઈ તથા ગંગાબેન ધુળાભાઈનાઓ હોઈ તેઓના નામો સદરહુ મીલકતના રેકર્ડે વારસાઈ હકકે માલીક કબજેદાર તરીકે ચઢેલ હતા. ત્યારબાદ બાદ રેવીબેન ગાભાભાઈ, જેઠીબેન ગાભાભાઈ તથા પુરીબેન ગાભાભાઈનાઓએ તેઓનો સદરહુ મીલકતમાં જે હકક,

હીત, હીસ્સો પોષાતો આવેલ તે અન્ય સહકકબજદારોની તરફેણમાં જતો કરતા તેઓના નામો સદરહુ મીલકતના રેકર્ડથી કમી થયેલ. ત્યારબાદ ગામે એકત્રીકરણનો તખ્તો આવતા સદરહુ સર્વે નંબર : ૧૧૨ નો બ્લોક નંબર : ૧૨૧ નો બનેલ. ત્યારબાદ સદરહુ બ્લોક નંબરવાળી જમીનમાંથી પોર–કુડાસણ રોડ પસાર થતા બ્લોક નંબરની કુલ હે.આરે.ચો.મી. ૦–૮૮–૦૦ ચો.મી. પૈકી હે.આરે.ચો.મી. ૦–૧૦–૨૪ જમીન સંપાદીત થતા હે.આરે.ચો.મી. ૦–૭૭–૭૬ ચો.મી. જમીન બાકી વધેલ. ત્યારબાદ ફરીથી પોર–કુડાસણમાં હે.આરે.ચો.મી. ૦–૨૦–૩૨ ચો.મી. સંપાદીત થતા સદરહુ બ્લોક નંબરની હે.આરે.ચો.મી. ૦–૫૭–૪૪ ચો.મી. જમીન બાકી વધેલ. ત્યારબાદ મોતીબેન ગાભાભાઈનાઓ મૈયત જતા તેઓનું નામ રેકર્ડથી કમી કરેલ. ત્યારબાદ રામાભાઈ ગાભાભાઈ, નરસિંહભાઈ ગાભાભાઈ, ચંચીબેન ગાભાભાઈ તથા ધનીબેન ગાભાભાઈનાઓએ એક રજી.વે.દ.નં.૨૬૭૪ નો તા.૨–૭–૨૦૦૨ ના રોજનો કરી આપી પટેલ પરસોત્તમભાઈ ભુલાભાઈ, પટેલ નીતીનકુમાર પરસોત્તમભાઈ તથા પટેલ કલ્પેશકુમાર પરસોત્તમભાઈનાઓને અઘાટ વેચાણેથી આપતા સદરહુ બ્લોક નંબર : ૧૨૧ ની ૫૭૪૪ ચો.મી. જમીનના માલીક કબજેદાર પટેલ પરસોત્તમભાઈ ભુલાભાઈ, પટેલ નીતીનકુમાર પરસોત્તમભાઈ તથા પટેલ કલ્પેશકુમાર પરસોત્તમભાઈનાઓ બનેલ. ત્યારબાદ દુરસ્તીપત્રક નંબર : ૨૯ થી સદરહુ બ્લોક નંબર : ૧૨૧ ની દુરસ્તી થતા જેના નવીન બ્લોક નંબર : ૧૨૧/અ ની હે.આરે.ચો.મી. ૦–૧૮–૯૨ તથા બ્લોક નંબર : ૧૨૧/બ ની હે.આરે.ચો.મી. ૦–૩૮–૫૨ ના બનેલ. ત્યારબાદ તે બ્લોક નંબરો પૈકી બ્લોક નંબર : ૧૨૧/અ ની હે.આરે.ચો.મી. ૦–૧૮–૯૨ વાળી મીલકત પટેલ પરસોત્તમભાઈ ભુલાભાઈ, પટેલ નીતીનકુમાર પરસોત્તમભાઈ તથા પટેલ કલ્પેશકુમાર પરસોત્તમભાઈનાઓએ એક રજી.વે.દ.નં.૧૦૩૬ નો તા.૩૧–૧–૨૦૦૬ ના રોજનો કરી આપી ગૌરવભાઈ સંતરામભાઈ વિગેરેનાઓને અઘાટ વેચાણેથી આપતા સદરહુ મીલકતના તેઓ માલીક કબજેદાર બનેલ. ત્યારબાદ તેઓ પૈકી સંતરામભાઈ ખાનચંદભાઈનાઓ મૈયત જતા તેઓના વારસોમાં ઉષાદેવી તે સંતરામભાઈ ખાનચંદની વિધવા, તરૂણભાઈ સંતરામભાઈ, ગૌરવભાઈ સંતરામભાઈ તથા મૃણાલભાઈ સંતરામભાઈ વિગેરેનાઓ હોઈ તેઓના નામો સદરહુ મીલકતના રેકર્ડે વારસાઈ હકકે માલીક કબજેદાર તરીકે ચઢેલ હતા. ત્યારબાદ સદરહુ જમીનનો ગુડા દ્વારા ટી.પી.સ્કીમ નંબર : ૬ માં સમાવેશ કરી ફાઈનલ પ્લોટ નંબર : ૫૪/૧ ની ૧૩૮૦ ચો.મી. જમીનનો ફાઈનલ પ્લોટ ફાળવેલ. જે ફાઈનલ પ્લોટની ૧૩૮૦ ચો.મી. જમીન પૈકી ૧૬૭ ચો.મી.

જમીનનો વાણીજયક હેતુ સારુ તેમજ ૧૨૧૩ ચો.મી. જમીનનો રહેણાંક હેતુ સારુ બીનખેતી ઉપયોગ કરવા એક અરજ જીલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગરને કરતા તેઓએ તેઓના હુકમ નં.જિ.પ./જમન/એનએએસઆર/વશી/ ૧૬૧૦ થી ૧૬૧૭/૦૮ નો તારીખ : ૧૪–૭–૨૦૦૮ ના રોજનો એક હુકમ કરતા સદરહુ જમીનનો બીનખેતી ઉપયોગ કરવા પરવાનગી આપેલ. ત્યારબાદ ગૌરવ સંતરામભાઈ વિગેરેનાઓએ સદરહુ મીલકત એક રજી.વે.દ.નં.૩૦૩૦ નો તા.૪–૩–૨૦૧૪ ના રોજનો કરી આપી અમો લખી આપનારને અઘાટ વેચાણેથી આપતા સદરહુ બ્લોક નં.૧૨૧/અ વાળી જમીનના અમો લખી આપનાર માલીક કબજેદાર ભોગવટેદાર બનેલ.

આમ, મોજે ગામ કુડાસણની સીમના રેવન્યુ બ્લોક નંબર : ૧૮૪ પૈકીની ખાતા નંબર : ૯૩૪ ની કુલ્લે હે.આરે.ચો.મી. ૪–૭૨–૯૩ પૈકી હે.આરે.ચો.મી. ૦–૮૨–૬૬ યાને ૮૨૬૬ ચો.મી. નો ગુડા ધ્વારા ટી.પી. સ્કીમ નંબર : ૬ માં સમાવેશ કરી જેનો ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર : ૧૦૬/૧ ની ૫૩૭૩ ચો.મી. પૈકી ૯૩૧.૦૭ ચો.મી. વાણીજયક હેતુની તથા ૪૪૪૧.૯૩ ચો.મી. રહેણાંક હેતુની એમ કુલ્લે ૫૩૭૩ ચો.મી. બીન ખેતીની જમીન પૈકી વાણિજયક હેતુની ૫૪૪ ચો.મી. જમીન તેમજ બ્લોક નંબર : ૧૨૧/અ ની હે.આરે.ચો.મી. ૦–૧૮–૯૨ યાને ૧૮૯૨ ચો.મી. નો ગુડા ધ્વારા ટી.પી. સ્કીમ નંબર : ૬ માં સમાવેશ કરી જેનો ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર : ૫૪/૧ ની ૧૩૮૦ ચો.મી. જમીન પૈકી ૧૬૭ ચો.મી. જમીનનો વાણીજયક હેતુ સારુ તેમજ ૧૨૧૩ ચો.મી. જમીનનો રહેણાંક હેતુ સારુની બીનખેતી ૧૩૮૦ ચો.મી. એમ કુલ્લે ૧૯૨૪ ચો.મી. બીનખેતીની જમીનના માલીક કબજેદાર અમો લખી આપનારનાઓ બનેલ. ત્યારબાદ અમો લખી આપનારે બ્લોક નં.૧૨૧/અ એફ.પી.નં.૫૪/૧ પૈકીની ૧૨૧૩ ચો.મી. જમીન સંબંધે વાણીજયક હેતુ સારુ બાંધકામ કરવા રીવાઈઝ બીનખેતી મંજુરી માંગતી એક અરજ જીલ્લા કલેકટરશ્રી ગાંધીનગર સમક્ષ કરતા તેઓએ તેઓના હુકમ નં. સીબી/જમીન/વશી.૧૦૮૩૨ થી ૧૦૮૪૮/૨૦૧૫ થી સદરહુ જમીનમાં બીનખેતી વાણીજયક હેતુ સારુ બાંધકામ કરવા પરવાનગી આપેલ. જે કુલ્લે ૧૯૨૪ ચો.મી. બીનખેતી હેતુની જમીન પૈકી ૧૮૧૪ ચો.મી. જમીન ઉપર અમો લખી આપનારે વાણીજયક હેતુના બાંધકામ સારુ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ સમક્ષ પ્લાન રજુ કરતા જે પ્લાનને મંજુર કરી ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળે તેઓના હુકમ નં.પીઆરએમ/કુડાસણ/૨૫૩/૦૮/૨૦૧૩ ના તા.૨૭–૧૨–૨૦૧૩ ના રોજની વિકાસ પરવાનગી આપતા જે મંજુર થયેલ પ્લાન મુજબના બાંધકામનું કાર્ય "રાધે

સીગ્નેચર" એ નામની સ્કીમનું આયોજન કરી હાથ ધરેલ અને જે બાંધકામનું કાર્ય પુર્ણ કરેલ. જે સંબંધે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળે કેસ નં..... થી તા...... ના રોજ બી.યુ. પરમીશન આપેલ.

જે "રાધે સીગ્નેચર" નામની સ્કીમ પૈકી ગુડા દ્વારા પાસ કરેલ પ્લાન મુજબ ઓફીસ/દુકાન નં....... કે જેનું બાંધકામનું ક્ષેત્રફળ ...... ચો.મી. (કાર્પેટ એરીયા) તથા જે ફાઈનલ પ્લોટની જમીન ઉપર સ્કીમનું આયોજન કરેલ છે તે જમીનમાં વણવહેંચાયેલ વરાડે પડતા હીસ્સાની ...... ચો.મી. જમીનવાળી મીલકત અમો લખી આપનારની પ્રત્યક્ષ માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલી છે. જે મીલકત અમો લખી આપનારે તમો લખાવી લેનારને વેચાણેથી આપવાનું નકકી કરી હાલનો આ વેચાણ દસ્તાવેજ તમો લખાવી લેનારની તરફેણમાં કરી આપેલ છે.

સદરહુ મીલકત અમો લખી આપનારે કોઈને કોઈપણ પ્રકારે વેચાણ, ગીરો, બક્ષીસ કે હસ્તાંતરને પાત્ર અન્ય કોઈ લેખથી લખી આપેલ નથી કે કોઈપણ સરકારી અર્ધ સરકારી કચેરીઓમાં, બેન્કોમાંથી લોન બોજો કરેલ નથી. તેમજ સદરહુ મીલકત સરકારશ્રી દ્વારા એકવીઝીશનમાં કે રીઝવેર્શનમાં લેવામાં આવેલ નથી આમ સદરહુ મીલકતના તમામ પ્રકારના રાઈટ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ ચોખ્ખા છે. વેચાણે આપેલ મીલકત કે જેનુ વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ છે.

સદરહુ મીલકત અમો લખી આપનારે તમો લખાવી લેનારને રૂા............/- અંકે રૂપિયા ......... પુરામાં વેચાણથી આપવાનું નકકી કરેલ છે. જે વેચાણ અવેજ ની પુરેપુરી રકમ તમો લખાવી લેનાર પાસેથી અમો લખી આપનારને નીચેની વિગતે ચુકતે ભરપાઈ થઈ ગયેલ છે. આમ, સદરહુ વેચાણ અવેજની ચુકતે રકમ સ્વીકારી અમો લખી આપનારે તમો લખાવી લેનારને સદરહુ વેચાણ આપેલ મીલકતનો પ્રત્યક્ષ કબજો ભોગવટો સ્થળ ઉપર સુપ્રત કરેલ છે.

વેચાણ અવેજની વિગત ::-

| | |
|---|---|
| રૂા........../- | અંકે રૂપિયા ............ પુરાનો એક ચેક નં........... નો તા. - ૨૦૧૭ ના રોજનો ........... બેન્કની ........... શાખાનો આપેલ છે તે. |
| રૂા........./- | કુલ અંકે રૂપિયા ............ પુરા. |

સદરહુ મીલકત અમો લખીઆપનારે કોઈને કોઈપણ પ્રકારે વેચાણ, બક્ષીસ, ગીરો આપેલ નથી કે કોઈપણ સરકારી અર્ધ સરકારી કચેરીઓમાં, બેન્કોમાંથી લોન બોજો કરેલ નથી. સદરહુ મીલકતના તમામ પ્રકારના રાઈટ

ટાઈટલ કલીયર અને માર્કેટેબલ ચોખ્ખા છે. વેચાણે આપેલ મીલકત કે જેનુ વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ છે.

## :: પરિશિષ્ટ ::

| ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ | ગામ | બ્લોક નંબર | એફ.પી. નંબર | ઓફીસ/દુકાન નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|---|---|---|
| ગાંધીનગર | કુડાસણ | ૧૮૪ પૈકી, ૧૨૧/અ | ૧૦૬/૧/૨, ૫૪/૧ ટી.પી. નં.૬ | ગુડા પ્લાન મુજબ ઓફીસ/દુકાન નં...... તેમજ ....... ફલોર | .... ચો.મી. બાંધકામ (કાર્પેટ એરીયા) |
| "રાધે સીગ્નેચર" | | | | | |

**ખૂંટ માપ વર્ણન ::**

પૂર્વે :: ............ આવેલ છે.
પશ્ચિમે :: ............ આવેલ છે.
ઉત્તરે :: ............ આવેલ છે.
દક્ષિણે :: ............ આવેલ છે.

સદરહુ મીલકતનો શાંત, ખાલી પ્રત્યક્ષ કબજો ભોગવટો અમો લખી આપનારે તમો લખાવી લેનારને સ્થળ ઉપર બે સાક્ષીઓની રૂબરૂમાં સોંપી આપેલો છે જે તમોએ સંભાળી લીધો છે. જેથી હવે પછી આપણી વચ્ચે કોઈપણ જાતની નાંણાકીય લેવડ-દેવડ બાકી રહેતી નથી કે કોઈપણ જાતના મતભેદ કે મનભેદ નથી તે આથી જાહેર કરીએ છીએ. સદરહુ મીલકતનો કબજો ભોગવટો તમો લખાવી લેનારને અમો લખી આપનારે આજરોજ સ્થળ પર સુપ્રત કરેલ છે અને જે વેચાણવાળી મીલકત તમો લખાવી લેનારે જોઈ તપાસી લીધેલ છે અને વેચાણવાળી મીલકતના બાંધકામ તેમજ માપ તથા બીલ્ડીગના બાંધકામ તેમજ કોમન સગવડ સબંધેના બાંધકામને લખાવી લેનારે જોઈ તપાસી સંતોષકારક લાગતા સદરહુ મીલકતનો કબજો ભોગવટો સ્વીકારેલ છે અને જેથી સદરહુ બાંધકામ સબંધે અમો લખી આપનારે કે અમારા વંશ, વાલી, વારસોએ સદરહુ મીલકત સંબંધે કોઈપણ પ્રકારનો લાગ-ભાગ હકક-હિત-હિસ્સા માટે દર-દાવો, વાંધો તકરાર, હરકત હેલો કરવાનો રહેશે નહી જે જાહેર કરીએ છીએ અને જો કોઈ કરતો આવે તો જે સંબંધે અમો લખી આપનારાઓ જવાબ આપવા બંધાયેલ છીએ.

સદરહુ મીલકત જે કોમ્પલેક્ષમાં આવેલ છે તે કોમ્પલેક્ષમાં જે કોમન સગવડો જેવી કે બેઝમેન્ટ ફલોર પર આવેલ પાર્કીંગ તેમજ ગ્રાઉન્ડ ફલોર પર આવેલ લીફટ એરીયા તથા ગટર, પાણી અને લાઈટ કનેકશન તેમજ સીડી, રોડ, રસ્તા, કોમન પાર્કીંગ, ઓવર હેડ ટાંકી, સ્ટેર કેબીન, લીફટ મશીન રૂમ, મોટર વિગેરે આપવામાં

આવેલ છે તે તમામ સગવડો તમો લખાવી લેનાર અન્ય ઓફીસ/દુકાન હોલ્ડરો સાથે સહીયારો ભોગવવા ઉપયોગ કરવા હકકદાર રહેશો. તેમજ આવી સામાન્ય સુખ–સુવિધાઓઓ નિભાવ ખર્ચ તમામ ઓફીસ/દુકાન હોલ્ડરોએ સરખે હીસ્સે ભોગવવાનો રહેશે. સદરહુ બાંધકામ વાળી મીલકતમાં ઓફીસ/દુકાન માલીકોએ કોઈપણ જાતનું બહારના એલીવેશનમાં કોઈપણ જાતનો સુધારો–વધારો કરવાનો રહેશે નહી. તેમજ વેચાણવાળી મીલકતને લગત આવેલ માર્જીન/કોમન પેસેજમાં કોઈપણ વેચાણ લેનાર ઈસમ વધારાનું કોઈજ બાંધકામ કરી શકશે નહી કે કાચુ–પાકુ બાંધકામ કરી કોઈપણ જાતનો હકક કરી શકશે નહી.

સદરહુ મીલકતના આજદીન સુંધીના તમામ વેરાઓ અમોએ ભરેલા છે અને આજતારીખ પછીના તમામ વેરાઓ તમો વેચાણ લેનારે ભરવાના રહેશે. સદરહુ વેચાણ દસ્તાવેજ આધારે તમો વેચાણ લેનાર સદરહુ મીલકત રેવન્યુ રેકર્ડે સરકારી તમામ દફતરે તેમજ ગ્રામ પંચાયતના રેકર્ડે તેમજ મ્યુનીસીપલ કોર્પોરેશનના રેકર્ડે તમારા નામે ચઢાવવા આથી હકકદાર છો અને જે સંબંધે અમારી જયાં અને જયારે સહી સાક્ષીની તેમજ રૂબરૂ હાજરી ની જરૂર પડે ત્યાં અમો કરી આપવા બંધાયેલ છીએ.

સદરહુ સ્કીમના પ્લાન, એન.એ., ટાઈટલ્સ વિગેરે તમામ લીગલ ડોકયુમેન્ટસની તમો લખાવી લેનારે તમારા એડવોકેટ મારફતે ચકાસણી કરાવેલ છે તેમજ સ્કીમના તમામ લીગલ ડોકયુમેન્ટસમાં તમો લખાવી લેનારને પુરતો સંતોષ થયા બાદ સદરહુ મીલકત તમો લખાવી લેનારે હાલના આ વેચાણ દસ્તાવેજથી વેચાણે રાખેલ છે.

તેમજ સદરહુ મીલકતની સ્થળ, સ્થિતિ, બાંધકામની ગુણવત્તા તથા બાંધકામના માપતાલની તમો લખાવી લેનારે સંપુર્ણ ચકાસણી કરી લીધેલ છે તથા બાંધકામની ગુણવત્તા, બાંધકામમાં વપરાયેલ મટીરીયલ્સ તથા બાંધકામની સ્થળ, સ્થિતિમાં તથા માપતાલમાં તમો લખાવી લેનારને કોઈ વાંધો કે તકરાર નથી તથા સદરહુ મીલકતની તમો બીજી તરફવાળાએ માપણી કરેલ છે અને કાર્પેટ એરીયાના માપની ગણતરી સમજીને તમો લખાવી લેનારે સદરહુ મીલકત આજરોજ આ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે.

તેમજ અમો લખી આપનારે તમો લખાવી લેનારને આજરોજ સદરહુ મીલકત અંગેના તમામ લીગલ ડોકયુમેન્ટસની ઝેરોક્ષ નકલો સોંપેલ છે.

સદરહુ વેચાણવાળી મીલકતના વેચાણ દસ્તાવેજ અંગેનું સંપૂર્ણ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ચાર્જીસ, વકીલ ફી, ઝેરોક્ષ ખર્ચ, લખાઈ ફી તથા પરચૂરણ ખર્ચ સહીતનું તમામ ખર્ચ લખાવી લેનારે ભોગવેલ છે. બીજુ સદર મીલકતના

દસ્તાવેજ બાદ મીલક્તનું વેલ્યુએશન કે બીજી ખૂટતી સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરવાની આવે તો  તે તમામ તમો લખાવી લેનારે ભરપાઈ કરવાની રહેશે. આ ઉપરાંત મીલકત ટ્રાન્સફર અંગેની વિધિનું સંપૂર્ણ ખર્ચ તમો લખાવી લેનારે ભરપાઈ કરવાનું રહેશે.

એ રીતેનો ઉપરોકત વેચાણ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી, અકકલ હોંશીયારીથી, બીન કેફે, સભાનપણે, સભાન અવસ્થામાં કોઈની કોઈપણ જાતની ધાક–ધમકી કે દાબ–દબાણ ને વશ થયા  સિવાય વાંચી સમજી, વિચારી, વંચાણે લઈ કરી આપેલ છે જે અમોને તથા અમારા વંશ,વાલી, વારસોને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

આજ તા.      મી માહે            સને            ના દિને ગાંધીનગર શહેર મધ્યે.
અત્રે.........................મતુ અત્રે .........................શાખ

લખી આપનાર ::
વેચાણ આપનાર ::

સાક્ષીઓ ::

..............................
(મે. રાધે એસોસીએટસ એ નામની
ભાગીદારી પેઢી વતી અને તરફથી
તેના ભાગીદાર
નિલેષ રમણભાઈ પટેલ)

..............................

..............................